અરવલ્લીમાં મુસ્લિમ પર્સનલ લૉ મામલે ઉગ્ર વિરોધ

૧૦ હજાર મહિલાઓએ સહી કરી નોંધાવ્યો વિરોધ

અરવલ્લી, તા. ૧૬

ઓલ ઈન્ડીયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ સહીત અનેક મુસ્લિમ સંસ્થાઓએ સમાન નાગરિક ધારો અને ટ્રીપલ તલાક જેવા મુદ્દે કેન્દ્ર સરકારનો ચારે તરફ ભારે વિરોધ થઈ રહ્યો છે. ત્યારે એ વિરોધમાં અરવલ્લી જિલ્લાની મુસ્લિમ મહિલાઓ પણ બાકાત રહી નથી અને સરકારના આ નિર્ણયનો

વિરોધ કરી રહી છે. આ માટે સહી ઝુંબેશનો આરંભ કર્યો છે. અંદાજે ૧૦ હજાર મહિલાઓએ સહી કરી રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને મોકલશે.

ભારત દેશ જ્યારે આઝાદ થયો ત્યારે તમામ ધર્મના લોકોને પોતાની રીતે જીવવાના અધિકારો આપવામાં આવ્યા છે. પરંતુ આજકાલ મુસ્લિમ પર્સનલ લો માં જે ફેરફાર કરવાની વાતચીત કરવામાં આવી રહી છે તેનો મુસ્લિમો દ્વારા મોટા પાયે વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. મુસ્લિમ ધર્મમાં કુરાન, શરીયત અને હદીસના પર્સનલ લો મુજબ મુસ્લિમો સંતુષ્ટ છે અને તેમાં જ તે લોકો વિશ્વાસ ધરાવે છે. પરંતુ તેમાં જે ફેરફાર કરવાની વાત કરવામાં આવી રહી છે જે બંધારણીય અને કાયદાકીય રીતે ખોટી છે. જેથી આનો ભારત ભરમાં વિરોધ થઈ રહ્યો છે. અને આગામી દિવસોમાં આના માટે જે પણ આંદોલનો કરવા પડશે, દેખાવો યોજવા પડશે તે યોજવા માટે મુસ્લિમ મક્કમ છે. આ અંગે મુસ્લિમ પર્સનલ બોર્ડે દિલ્હીમાં પ્રેસકોન્ફરન્સનું આયોજન કરેલ હતુ અને મુસ્લિમ સંસ્થાઓ જે બીજેપી કેન્દ્ર સરકાર સામે મોરચો ખોલી ત્રિપલ તલાક મુદ્દે દેશભરમાં જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે પણ એક જાહેર પત્રિકા અને ફોર્મ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમાં જણાવ્યા મુજબ મુસ્લિમ પર્સનલ લો ની રક્ષા માટે સિગ્નેચર અભિયાન શરૂ કરેલ છે. તેના ફોર્મમાં મુસ્લિમ મહિલાઓએ સહી કરવાની છે. તેમના આધાર કાર્ડ નંબર સાથે ફોર્મ ભરી સહી કરી મુસ્લિમ પર્સનલ બોર્ડ દ્વારા રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને મોકલવામાં આવશે. આ ફોર્મ મુસ્લિમ વિસ્તારમાં આવેલ દરેક ઝેરોક્ષ સેન્ટર ઉપરથી અંગ્રેજી-ગુજરાતી ભાષામાં લખેલ ફોર્મ વિના મુલ્યે મળી રહ્યા છે. મુસ્લિમ પર્સનલ લો માં હસ્તક્ષેપ કરવા બદલ સરકાર વિરૂદ્ધ અરવલ્લીમાં પણ સહી ઝુંબેશ શરૂ કરાઈ છે. ટ્રીપલ તલાક મુદ્દે કાયદા પંચે તૈયાર કરેલી પ્રશ્નાવલી નરી છેતરપિંડી છે તેવા આક્ષેપો મુસ્લિમો કરી રહ્યા છે. સુધારાવાદી માત્ર ૧૦ ટકા મુસ્લિમ મહિલા ટ્રીપલ તલાકનો વિરોધ કરે છે. ટ્રીપલ તલાક કાયદામાં ફેરફાર કરીને કેન્દ્ર સરકાર મુસ્લિમ સમાજ સામે યુદ્ધ છેડી રહ્યાના આક્ષેપ થઈ રહ્યા છે. મુસ્લિમ શરીયતમાં મુસ્લિમો દખલગીરી ચલાવશે નહિ અને ભાજપ સરકારને આ રાજકીય રમત મોંઘી પડશે અને નુકશાનીનો સોદો રહેશે તેવી ચર્ચાઓ મુસ્લિમ

સમાજમાં થઈ રહી છે.

પ્રાંતિજના જેશગપુરા પાસે બે લકઝરી વચ્ચે અકસ્માત

૧૪ને ઈજાઓ પહોચતા પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જયારે પાંચને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના જેશગપુરા પાટીયા પાસે હિંમતનગરથી અમદાવાદ તરફ જતી મીની લકઝરી આગળ જતી લકઝરી બસને પાછળથી ટક્કર મારતાં મીની લકઝરી બસમાં મુસાફરી કરી રહેલ ૧૪ ને ઈજાઓ થતાં તેમને પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જેમા પાંચને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના જેશગપુરા પાટીયા નજીક હિંમતનગર તરફથી ફુલ ફાસ્ટ બેદરકારી ગફલતભરી રીતે મીની લકઝરી બસ નંબર- જીજે.૯.એવી.૯૫૯૫નો ચાલક હંકારી આગળ જતી લકઝરી બસ- આરજે.૪૯૨૯૭ને પાછળથી ટક્કર મારતાં મીની લકઝરી બસમાં સવાર મુસાફરોને શરીરે ઓછીવતા ઈજાઓ થતાં તેમણે પ્રાંતિજ સિવિલ લઈ જવામાં આવ્યાં હતાં.

જયારે હાજર તબીબી ડા. પ્રણામી દ્વારા પાંચને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં જયારે અકસ્માત અંગેની ફરીયાદ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં બચુસિંગ રામધને દોલારામ ગુજજર રહે. સંવરાદાની તા. બાચવા જી. રાજસ્થાન દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલિસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મોડાસાની આબે હયાત સોસાયટીમાં ગંદકીથી ત્રાહિમામ

મોડાસા શહેરના ડુગરવાડા રોડ પર આવેલી લઘુમતિ વિસ્તારની સોસાયટીમાં છેલ્લા કેટલાક સમયથી ગંદુ પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. આ ગંદા પાણીનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે તેવી માંગ મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ સોસાયટીના ચેરમેને કરી છે. મોડાસાના ડુગરવાડા રોડ પર લઘુમતિ વિસ્તારમાં ઘાંચી હાઈસ્કૂલની સામે આબેહયાત સોસાયટી આવેલી છે. આ સોસાયટી સામેના ખુલ્લા પ્લોટમાં ભયંકર ગંદકી ફેલાઈ રહી છે. વરસાદના પાણી ભરાવાના કારણે અહી કાદવકીચડ જામ્યો છે. ડેન્ગ્યુના મચ્છરો પેદા થાય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. આ બાબતે મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ સોસાયટીના ચેરમેન મહમદ શફી કાંકરોલીયાએ જણાવ્યું કે આ આબેહયાત સોસાયટીના પાણી નિકાલ માટે તથા ગંદકી દૂર કરવા વારંવાર લેખિત, મૌખિક રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય છે. આ બાબતે તાત્કાલિક નગરપાલિકા પગલા ભરી રહીશોની સમસ્યા ઉકેલે તે જરૂરી છે. આ સમસ્યા નહી ઉકેલાય તો આંદોલન કરવામાં આવશે. આમ સ્વચ્છતાના આગ્રહી મોડાસા નગરપાલિકાના પ્રમુખ વનીતાબેન એક નજર ત્યાં પણ નાખે તે જરૂરી છે. એક બાજુ નરેન્દ્ર મોદી સ્વચ્છતા અભિયાન ચલાવે છે, જ્યારે મોડાસામાં તેના અમલ થતો ન હોવાનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિર સંકુલમાં શરદ પૂનમે ગરબા યોજાયા

મંદિરના મહંત દ્વારા મંદિર સંકુલમાં ગરબાનુ આયોજન કરવામાં આવ્યું હતું ગરબા રસિકોએ ગરબે ઘુમી દૂધ પૌવાનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે આ વર્ષે મંદિરના મંહત દ્વારા શરદ પૂનમને લઈને મંદિર સંકુલમા ગરબાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વામિનારાયણ ધર્મના ભાઈ-બહેનો સહિત ગરબારસિકો ગરબે ઘુમતા નજરે જોવા મલ્યા હતા.

પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં આવેલ સુપ્રસિદ્ધ સ્વામીનારાયણ મંદિરમાં આ વર્ષે મંદિરના મંહત ગોપાલદાસજી સ્વામી દ્વારા મંદિર સંકુલમાં શદર પૂનમના ગરબાનુ આયોજન કરવામા આવ્યું હતું જેમા પ્રાંતિજ સહિત તાલુકામાંથી સ્વામીનારાયણ ધર્મના લોકો સહિત ગરબા રસિકો મંદિર સંકુલમાં જોવા મલ્યા હતાં અને ગરબે ગુમતા નજરે પડ્યા હતાં જયારે નવરાત્રીમાં આ વર્ષે મેઘરાજા છ દિવસ સુધી વિલન બનતાં ગરબા રસિકોમાં નિરાશા જોવાં મળી હતી ત્યારે આ વર્ષે સ્વામીનારાયણ મંદિરના મંહત અને મંદિર વ્યવસ્થાપકો દ્વારા શરદ પુનમની રાત્રીએ ગરબાનું આયોજન કરવામાં આવતાં ગરબા રસિકોમાં ઉત્સાહની સાથે આનંદ જોવાં મલ્યો હતો અને જાણે નવરાત્રીના છ નોરતામાંથી ખૈલેયા એક નોરતુ પાછું બોનસ તરીકે મલ્યુ હોય તેમ મન મુકીને ખૈલેયાઓ ગરબે ઘુમતા નજરે પડ્યા હતા.

પ્રાંતિજના વાઘપુર ખાતે વર્ષોની પરંપરા યંત્ર યુગમાં યથાવત

છેલ્લા ૧૦૦ વર્ષથી નવરાત્રી ઉત્સવ ૧૫ દિવસ સુધી મનાવાય છે : વર્ષો પહેલાં બનાવેલ થીયેટર આજે પણ જીવીત છે

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વાઘપુર ખાતે

છેલ્લા ૧૦૦ વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ યંત્ર યુગમાં યથાવત છે જેમાં અહીં નવરાત્રી ઉત્સવ ૧૫ દિવસ સુધી ઉજવાય છે જેમા નવ દિવસ નવરાત્રી અને બાકીના છ દિવસ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે.

વાઘપુર ખાતે વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ યથાવત છે જેમાં શિવશક્તિ સેવા મંડળ દ્વારા નવ દિવસ નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે અને શિવશક્તિ કલામંડળ દ્વારા નવ દિવસ નવરાત્રી મહોત્સવ અને શિવશક્તિ કલામંડળ દ્વારા છ દિવસ રાત્રી દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને વર્ષો જુનું બનાવેલ થીયેટર આજે પણ તેની બોલબાલા યંત્ર યુગમાં પણ યથાવત છે. અને ભાવસાર સમાજ સહિત

અમદાવાદ, મુંબઈ કે અમેરિકા રહેતા હોય પણ નવરાત્રીમાં ૧૫ દિવસમાંથી એક દિવસ માટે ગામમાં અને માના દર્શન કરવા જરૂર આવે છે.

જયારે આજુબાજુમાંથી સહિત ગુજરાત ભરમાંથી માનતાં રાખે છે અને પૂર્ણ થતાં ૧૫ દિવસમાં ગમે તે દિવસે આવે છે ત્યારે વાઘપુર ગામમાંથી ઘરદીઠ એક વ્યક્તિ નાનો મોટો રોલ ભજવે છે જેમા રઢીયાળી રાત, પાનેતરનો રંગ જેવા નાટકો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે અને આ થીયેટરની આવકમાંથી ગામમાં ચાર મોટા મંદિરો પણ બનાવવામાં આવેલ છે આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ તાલુકા પ્રમુખ દિલીપસિંહ રાઠોડ, તાલુકા પંચાયત સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ પૂર્વ સરપંચ દોલતસિંહ, શૈલેષભાઈ ભાવસાર સહિત શિવશક્તિ સેવા મંડળ શિવશક્તિ કલા મંડળ દ્વારા ખુબજ સુંદર આયોજન કરવામાં આવે છે.

બનાસબેંકની ડીસા બેઠક પર વાઈસ ચેરમેન જીગર દેસાઈનું પલ્લુ ભારે

શંકરભાઈએ બોલાવેલી બેઠકમાં ૧૧૦ પૈકી ૯૮ મતદારોનું હાજર રહી સમર્થન

પાલનપુર, તા. ૧૬

ધી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. પાલનપુર (બનાસ બેંક)ની ડીસા બેઠકના પ્રતિષ્ઠાભર્યા ચૂંટણી જંગમાં બનાસ બેંકના ચેરમેન અને રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીનું પલ્લુ ભારે થઈ રહ્યું છે. શનિવારે મોડી સાંજે ડીસા ખાતે શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં ૧૧૦માંથી ૯૮ મતદારોએ બનાસ બેંકના વર્તમાન વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈને સમર્થન આપી વિજયી બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

બનાસ બેંકની ચૂંટણીમાં ચેરમેન શંકભાઈ ચૌધરીના પ્રયાસોથી ૧૯ બેઠકોમાંથી ૧૭ બેઠકો બિનહરીફ થઈ પુનઃ મતદારો-આગેવાનોએ તેમના પારદર્શક વહિવટ પર વિશ્વાસ મુક્યો છે. જો કે, ડીસા અને વડગામ બેઠકની ચૂંટણી પણ કેટલાક લોકોના કારણે બિનહરીફ થતાં રહી ગઈ હતી. હવે, બનાસ બેંકની ડીસા બેઠકની ચૂંટણીમાં બનાસ બેંકના વર્તમાન ચેરેમેન જીગર ભગવાનભાઈ દેસાઈ અને ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈના પુત્ર સંજય દેસાઈ વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો છે. બનાસ બેંકના વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈના દાદા સ્વ. વિરાભાઈ નાથુભાઈ દેસાઈ વર્ષો સુધી બનાસ બેંકના ડીરેક્ટર પદે તેમજ તેના પિતા સ્વ. ભગવાનભાઈ વિરાભાઈ દેસાઈ પણ બનાસ બેંકના વાઈસ ચેરમેન પદે સેવા આપી છે. જ્યારે હાલમાં જીગરભાઈ દેસાઈ પણ બનાસ બેંકના વાઈસ ચેરમેન પદે સેવા આપી બનાસ બેંકના સુદ્દઢ અને પારદર્શી વહિવટમાં સહયોગ આપી રહ્યા છે.

ત્યારે શનિવારે મોડી સાંજે ડીસા આર.ટી.ઓ. ચાર રસ્તા નજીક ધાનેરા રોડ પરના વિશ્વકર્મા કોલ્ડ સ્ટોરેજ ખાતે બનાસ બેંકના ચેરમેન સંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને ડીસા વિભાગના મતદારોની બેઠક મળી હતી. જેમાં ડીસા વિભાગના કુલ ૧૧૦ મતદારો પૈકી ૯૮ મતદારોએ હાજર રહી જીગરભાઈ દેસાઈને મત આપી જંગી લીડથી જીતાડવાનો સંકલ્પ કર્યો હતો.

બનાસ બેંકના ચેરમેન અને રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ બેંકના પારદર્શી અને લોકાભીમુખ વહિવટ તેમજ બેંકની પ્રગતિનો ચિતાર રજૂ કરી ડીસા બેઠક પરથી જીગરભાઈ દેસાઈને લીડથી જીતાડવા હાંકલ કરી હતી. આ પ્રસંગે બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ સહિત સહકારી આગેવાનો, વિવિધ સમાજના આગેવાનો, સહકારી સંસ્થાના ચેરમેન-મંત્રીઓ તેમજ કાર્યકરો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

અરવલ્લીના માર્કેટયાર્ડમાં મગફળી ટેકાના ભાવથી હરાજી શરૂ કરવા કિસાન સંઘની માંગ

ચોમાસાની સિજન પુરી થવાની તૈયારીમાં છે ત્યારે ચાલુ સાલે કરીફ પાકમાં મગફળીનું વાવેતર વધુ પ્રમાણામાં કરવામાં આવ્યું છે. બજારોમાં હવે ટુંક સમયમાં જ મગફળીની આવક ચાલુ થવાનો સમય થઈ ગયો છે. ચાલુ વર્ષે મગફળીની ખેતી કરનાર ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. મહા મહેનતે મગફળીનો પાક પકવીને ખેડૂતો માર્કેટયાર્ડમાં વેચવા આવે છે ત્યારે નક્કી કરેલા ટેકાના ભાવથી પણ ઓછા ભાવે હરાજી શરૂ કરી ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન આપતા ખેડૂતોને ભારે નુકસાન ભોગવવાનો વારો આવે છે. ચાલુ વર્ષે મગફળીના પાકને થયેલા નુકસાનના કારણે કિસાન સંઘે ખેડૂતોની મગફળીઓ ટેકાના ભાવથી હરાજી ચાલુ કરવા માટે માગં કરી છે. માર્કેટયાર્ડમાં ખેડૂતોને ટેકાના ભાવથી હરાજી શરૂ ન કરી વેપારીઓ દ્વારા ખેડૂતો સાથે ઉઘાડી લુંટ કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત પરીપત્રો કરી વિવિધ પાકોમાં ટેકાના ભાવથી હરાજી શરૂ કરવા માટે જણાવેલ હોવા છતાં વેપારીઓ દ્વારા ટેકાના નીચા ભાવથી હરાજી શરૂ કરી ખેડૂતોને ખુલ્લેઆમ લુંટવામાં આવે છે. જેના પગલે ચાલુ વર્ષે કિસાનસંઘ દ્વારા કલેક્ટર, જિલ્લા રજીસ્ટાર, મામલતદાર અને માર્કેટયાર્ડના ચેરમેનને લેખીત આવેદનપત્રો આપવામાં આવ્યા છે અને વેપારીઓ કે માર્કેટયાર્ડ સમિતિના હોદેદારો કે કર્મચારીઓ દ્વારા ખેડૂતોનું સોષણ થતું જણાશે તો ભારતીય કિસાનસંઘ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચિમકી આપવામાં આવી છે.